મહાત્મા મંદિરના નિર્માણ પાછળ અત્યાર સુધીમાં રૂ. ૩૪૬ કરોડનો ખર્ચ થયો છે : આનંદીબેન

જિલ્લામાં પાંચ જમીન ચકાસણીની પ્રયોગશાળા છે મનોરંજન કરની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની આગવી ઓળખ બનેલ મહાત્મા મંદિર પાછળ થયેલ ખર્ચ અને તેની આવક અંગેનો પ્રશ્ન પ્રથમવાર ગૃહમાં દાખલ થયો છે.

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા મંદિરના નિર્માણ પાછળ થયેલ ખર્ચ અંગે પુછેલ એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન અને મહેસુલ તેમજ શહેરી વિકાસમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ સરકાર દ્વારા રૂ. ૩૪૬ કરોડનો કુલ ખર્ચ કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ છે કે મહાત્મા મંદિર ખાતે દસ હજારથી વધારે લોકોની બેઠકની ક્ષમતા ધરાવતો કન્વેનસન સેન્ટર (હોલ) સેમીનાર રૂમ, કોન્ફરન્સ રૂમ) અને ૧૦ હજાર ચો.મી.થી વધુના ક્ષેત્રમાં પ્રદર્શન માટેના એકઝીબીશન સેન્ટર તથા અન્ય સંલગ્ન સુવિધાઓની ત્રણ અલગ-અલગ તબક્કામાં નિર્માણ કામગીરી કરી છે.

તેમણે એમ પણ જણાવ્યુ છે કે મહાત્મા મંદિર ખાતે યોજાયેલ વિવિધ કાર્યક્રમોને લઈ રૂ. ૪.૦૮ કરોડની આવક પણ થઈ છે.

● જિલ્લામાં જમીન ચકાસણી પ્રયોગશાળાઓ

ગાંધીનગર જિલ્લામાં ઓલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ અંગે ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ તેમજ માર્ગ-મકાન અને શહેરીવિકાસ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું છે કે જિલ્લામાં ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ પાંચ પ્રયોગશાળા આવેલી છે.

તેમણે જણાવ્યું છે કે નવી પ્રયોગશાળા છેલ્લા બે વર્ષમાં શરૂ કરવામાં આવી નથી.

મંત્રી શ્રીમતિ પટેલે એમ પણ જણાવ્યું છે કે જિલ્લામાં આવેલી જમીન ચકાસણી પ્રયોગશાળામાં ૫૦ હજાર નમુના ચકાસવાની વાર્ષિક ક્ષમતા છે.

● મનોરંજન કરની આવક

ગાંધીનગર જિલ્લાના મલ્ટીપ્લેક્ષ થિયેટરો પાસેથી મનોરંજન કર પેટે છેલ્લા બે વર્ષમાં થયેલી આવક અંગે કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૫૭૦.૨૩ લાખની આવક થવા પામી છે.

જિલ્લામાં આવેલા પાંચ મલ્ટીપ્લેક્ષ થિયેટરોને છેલ્લા બે વર્ષમાં કોઈપણ પ્રકારની કર રાહતો આપવામાં આવી નથી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે વર્ષ-૨૦૧૧ દરમ્યાન સીનેમેક્ષ ગાંધીનગરમાંથી રૂ. ૯૬.૮૨ લાખ, સિટી પલ્સ કુડાસણમાંથી ૬૯ લાખ, આર.વર્લ્ડ જમિયતપુરામાંથી ૩૬.૫૨ લાક, મુવીપ્લેક્ષ સઈજ કલોલ પાસેથી ૩.૪૯ લાખની આવક થઈ છે.

વર્ષ-૨૦૧૨માં સિનેમેક્સ પાસેથી ૧૩૮.૪૪ લાખ, સીટી પલ્સ પાસેથી રૂ. ૯૪.૯૧ લાખ, આર.વર્લ્ડ પાસેથી રૂ. ૧૫.૮૯ લાખ, સુઘડ પાસે નવા શરૂ થયેલ ગ્રાન્ડ સીનેમા પાસેથી રૂ. ૭૫.૬૮ લાખ અને મુવી પ્લેક્સ કલોલ પાસેથી રૂ. ૩૯.૪૮ લાખની આવક થઈ છે.

વર્ષ-૨૦૧૧માં થયેલી આવક કરતાં વર્ષ-૨૦૧૨માં આવક વધી છે.

● તુટી ગયેલા ચેકડેમો

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકામાં મેશ્વો નદીની બાજુમાં તુટી ગયેલા ચેકડેમો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે સરકાર આ હકીકતથી વાકેફ છે.

આ ચેકડેમોનું મજબુતીકરણ અને રિપેરીંગ કરવાની કામગીરી ખુબજ ખર્ચાળ હોવાથી હાલ આ અંગેની કામગીરીનું કોઈ આયોજન નહિ હોવાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું છે.

● કાંસ પર સ્ટ્રકચરોના બાંધકામ

ભાજપના શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં કાંસ/ડ્રેઈનો પર સ્ટ્રકટર બનાવવાની કામગીરી અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે કલોલ તાલુકામાં સઈજ હાજીપુર કાંસ ઉપર નવા વી.આર.બી.ના બાંધકામ માટે તા. ૨૭-૧૨-૧૨ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે અને હાલમાં આ કામગીરી પ્રગતિ હેઠળ છે.

વિધાનસભામાં ગાંધીનગર

વિધાનસભા પાછળ નવા હેલીપેડ ગ્રાઉન્ડમાં ગેસ લીકેજ થતા ફૂવારા ઉડ્યા

ખોદકામ દરમ્યાન જેસીબી મશીન જીએસપીસી પાઈપને અડકી જતા લીકેજીંગ શરૂ થયું : સેક્ટર-૬-ડીના રહેણાંક વિસ્તારમાં પણ ગેસ લીકેજ થયું હતું

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભા સંકુલની પાછળના ભાગે તૈયાર થઈ રહેલા નવા હેલીપેડમાં ખોદકામ ચાલી રહ્યું હતું તે દરમ્યાન જમીન નીચેથી પસાર થઈ રહેલી જીએસપીસી ગેસ લાઈન પર જેસીબી અડી જતાં મેઈન ગેસ લાઈન ડેમેજ થવાની સાથોસાથ લીકેજીંગ શરૂ થઈ જતાં ગેસના ફૂવારા ઉડવા લાગ્યા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડ અને જીએસપીસીની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી જતાં કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી અને ગેસનો વાલ્વ લોક કરી દેવાતા લીકેજ થતું બંધ થઈ ગયું હતું. ઉલ્લેખનીય છે કે આ દુર્ઘનાના અડધા કલાક પહેલાં જ સેક્ટર-૬-ડીના રહેણાંક વિસ્તારમાં પણ સામાન્ય ગેસ લીકેજ થવાની ઘટના બનતા તે લીકેજ બંધ કર્યા બાદ બીજો કેસ મળતા જીએસપીસીની ટીમ વિધાનસભા પહોંચી હતી.

ગાંધીનગરમાં આજે સાંજના અરસામાં ગેસલાઈન લીકેજ થવાની બે વિવિધ સ્થળોએ બે અલગ-અલગ ઘટનાઓ બનવા પામી હતી. સેક્ટર-૬-ડીનાં રહેણાંક વિસ્તારમાં એકાએક જીએસપીસીની ગેસલાઈન લીકેજ થતાં જીએસપીસીની ટીમ સ્થળ પર પહોંચી હતી અને કોઈ દુર્ઘટના ઘટે તે પહેલા ગેસનો વાલ્વ લોક કરીને લાઈન સ્ટોપ કરી દીધી હતી. આ કામગીરી જી.એસ.પી.સી.ની ટીમ હજુ પુરી કરે ત્યાં તો વિધાનસભાનાં સંકુલમાં પાછળના ભાગે નવા બની રહેલા હેલીપેડ પાસે ગેસલાઈન ફાટતા ગેસનાં ફૂવારા ઉડતા હોવાનો કોલ ટીમને મળતા ગાંધીનગર જીએસપીસીના સીટી મેનેજર વાસુદેવ ગઢવી તેમની ટીમ સાથે સ્થળ પર દોડ્યા હતા અને બીજી ટીમને ગેસલાઈન બ્લોક કરવા મોકલી આપી હતી. બીજી તરફ ગાંધીનગર ફાયરબ્રિગેડને આ અંગે કોલ મળતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમના કાફલા સાથે તાબડતોબ પહોંચી ગયા હતા. સદ્‌ભાગ્યે આ દુર્ઘટનામાં કોઈને ઈજાઓ કે આગ ભભુકી ઉઠવાનો ગંભીર બનાવ સર્જાયો ન હતો. ગેસ લાઈન બ્લોક કરી દઈ ટીમ દ્વારા મરામત કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

જી.ઈ.બી. પાસેના ટ્રેક પરથી પસાર થતી માલગાડી પરીક્ષાર્થીઓ માટે શિરદર્દ

ખુલ્લા ફાટક પરથી પરીક્ષા સમય આસપાસ જ મંદગતિએ માલગાડી રૂકાવટ બનશે

ગાંધીનગર, તા. ૬

જી.ઈ.બી. નજીક સ્થિત રેલવેફાટક પરથી મંદગતિએ પસાર થતી માલગાડી પરીક્ષાર્થીઓ માટે શિરદર્દ સમાન બની છે. ચરેડીથી પેથાપુર વચ્ચે ફાટક વગરના જોખમી ટ્રેક પરથી નીકળતી માલગાડીને પસાર થતા ઘણો સમય લાગે છે. ત્યારે પરીક્ષા વેળાએ પેથાપુર તરફથી આવતા વિદ્યાર્થીઓને ક્યારેક આ ટ્રેક ઓળંગવા લાંબો સમય રાહ જોવી પડે છે. આવા સંજોગોમાં પરીક્ષાને ધ્યાને લઈ માલગાડીના સમયમાં ફેરફાર કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા તા. ૭ માર્ચથી શરૂ થનાર છે. જ્યારે બોર્ડની મહત્વપૂર્ણ પરીક્ષાને લઈ આયોજનબદ્ધ તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પ્રત્યેક મિનિટ કિંમતી હોય છે. આવા સંજોગોમાં ધો. ૭ થી જીઈબી વચ્ચે સ્થિત ખુલ્લુ ફાટક વિદ્યાર્થીઓ માટે મુંઝવણનું કારણ બને તેવી સ્થિતિ છે. ઘ-માર્ગ પર સ્થિત આ ફાટક પરથી દિવસ દરમિયાન માલગાડી પસાર થાય છે. મંદગતિએ પસાર થતી માલગાડીના લીધે વાહનચાલકોએ કુલ્લા ફાટક પર ગાડી પસાર થાય ત્યાં સુધી લાંબો સમય વેઈટ કરવું પડે છે. બોર્ડ પરીક્ષાના સમય આસપાસ જ માલગાડી ટ્રેક પરથી પસાર થતી હોવાથી પેથાપુર જીઈબી સહિતના વિસ્તારમાંથી પરીક્ષા કેન્દ્રો તરફ જતા વિદ્યાર્થીઓને એકઝામરૂટમાં માલગાડી અવરોધરૂપ થાય તેવી ફરિયાદો અગાઉ પણ ઉઠવા પામી હતી. બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓની સરળતા માટે માલગાડીના સમયમાં ફેરફાર કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

.... કેબિનેટ મંત્રી રમણલાલ વોરાને પગ મચકોડાઈ જતાં પાટો બાંધી વિધાનસભા આવે છે.

.... એટીએમની ચોરીઓ નાથવા હવે, પ્રત્યેક પોલીસ સ્ટેશનમાં જ એટીએમ માટે જગ્યા ફાળવવા નિર્ણય કરાયો છે.

.... માત્ર બે જ દિવસમાં મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી પહોંચવાની આગાહી હવામાનશાસ્ત્રીઓ કરી રહ્યા છે.

.... ગુજરાતી ભાષામાં ઉંઝા જોડણી સ્વિકારવાની સરકારમાં હિલચાલ સામે સાહિત્યકારોમાં ભારે રોષ પ્રસર્યો છે.

.... બે અંધ વિદ્યાર્થીઓને ૮મીથી આરંભાતી યુનિવર્સિટી પરીક્ષા માટે રાઈટરની જરૂર છે.

ધો. ૧૦ અને ધો. ૧૨ના તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શુભકામના પાઠવતા કોંગ્રેસ પક્ષના આગેવાનો

અમદાવાદ, તા. ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ધો. ૧૦ના ૯.૫ લાખ અને ધો. ૧૨ના ૫.૫ લાખ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ શાંતિથી માનસિક તાણ વિના પરીક્ષા આપે. સ્પર્ધાત્મક સમયમાં ધો. ૧૦ અને ધો. ૧૨ પછી ઉચ્ચ અભ્યાસ માટેની અનેક તકો દેશમાં ઉપલબ્ધ છે. ત્યારે સમગ્ર ગુજરાતના વિદ્યાર્થી-ભાઈ-બહેનો ઉત્તમ પરિણામ મેળવે તે માટે કોંગ્રેસ પક્ષ અંતઃકરણપૂર્વક શુભકામના પાઠવે છે.

ગાંધીનગર કૈલાસધામથી મહુડી પદયાત્રા ૯મીએ આરંભાશે

ગાંધીનગર, તા.૬

કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના ડીરેકટર શ્રી કમલકિશોર જૈન મિત્રો સાથે મહુડીની પગપાળા યાત્રાએ જઈ રહ્યા છે. આગામી તા.૯મી માર્ચના રોજ કૈલાસધામ, પેથાપુર ચોકડી નજીકથી આ પદયાત્રાનો પ્રારંભ થશે.

શ્રી કમલ કિશોર જૈન દ્વારા દર વર્ષે મહુડી પગપાળા યાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આ યાત્રાનું આયોજન કરાયું છે. શ્રી કમલકિશોર જૈન તેમના મિત્રો સાથે આગામી તા. ૯મી માર્ચના રોજ બપોરે ૨.૪૫ કલાકે પેથાપુર ચોકડી નજીક કૈલાસધામ વૃધ્ધાશ્રમથી પોતાની યાત્રા શરૂ કરશે. મહુડીના માર્ગે ગ્રામભારતી નજીક પુનિતધામ ખાતે આ પદયાત્રા સાંજે ૫.૧૫ના અરસામાં પહોંચશે અહીં રાત્રી ભોજન, ભકિત સંધ્યા અને રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવી છે. પુનિતધામ ખાતે રાત્રિ રોકાણ બાદ બીજા દિવસે તા. ૧૦મી માર્ચના રોજ વહેલી સવારે પાંચ વાગે પુનઃ યાત્રા શરૂ થશે. સવારે સાત વાગ્યાની આસપાસ આ યાત્રા મકાકડા પહોંચશે જયાં વિરામ અને ચા-નાસ્તાની વ્યવસ્થા કરાઈ છે. તે પછી પુનઃયાત્રા મહુડી તરફ પ્રયાણ કરશે અને પદયાત્રીઓનો સંઘ સાડા દસ સુધી મહુડી પહોંચી દર્શન અને પૂજાનો લાભ લેશે. અહીં ભોજન બાદ મહુડી મંદિર નજીકથી જ પરત આવવા માટે બસની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૮/૩/૧૩, શુકવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. મહાકાલી સો-મિલ

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ઈન્ફ્લુએન્ઝા- એ એટલે કે, H1 N1 (સ્વાઈન ફ્લુ) ના નિયમ્યાપી રોગચાળાથી ગભરાશો નહી

આપણી અને આપણા કુટુંબની સાવચેતી માટે ધ્યાન રાખવા જેવી બાબતો

- છીંક આવતા ખાંસી આતી વખતે તમારૂ નાક અને મો સારા રૂમાલ-ટીસ્યુ વડે ઢાંકવુ.
- નિયમિત રીતે સાબુ અને પાણી વડે હાથ ધોવા.
- જો તમને ફ્લુ જેવા લક્ષણો દેખાય તો નિકટીયુત નિકટતાથી દૂર રહો તથા અન્ય વ્યક્તિઓથી ૧ મીટરનું અંતર જાળવવુ.
- છીંકિ મારતી વખતે મિટ્યુ- હાથ નીચાવવા તેમજ કુંબળ કરચનું ટાળો.
- વપરાયેલા ટીસ્યુને તાત્કાલીક યોગ્ય રીતે નિકાલ કરવો અથવા વપરાયેલા રૂમાલને તાત્કાલીક યોગ્ય રીતે ધોઈ નાખવો.
- સાબુ અને પાણીથી હાથ ધોવા વગર આંખ, નાક, કે મોઢાનો સ્પર્શ ટાળવો.
- ખુબ પાણી પીવો અને પોષક આહાર લો.
- જો તમને ફ્લુ (તાવ, ખાંસી, તાવ, સાબુ લાગવુ) ના લક્ષણો દેખાય તો નજીકની હોસ્પિટલ કે આરોગ્ય કેન્દ્રનો તાત્કાલીક સંપર્ક કરો.
- તમામ સરકારી હોસ્પિટલ તથા આરોગ્ય કેન્દ્રો ખાતે સારવાર વિનામુલ્યે છે.
- તાત્કાલીક સારવારથી H1 N1 ના રોગથી સારા થઈ શકાય.

આરોગ્ય વિભાગ : જિલ્લા પંચાયત, ગાંધીનગર

પરીક્ષાર્થીઓને શુભેચ્છા આપવા મિત્રો-સગા સંબંધીઓનો જમાવડો

ધો-૧૦ અને ૧૨ની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓના વાલીઓ રજા પર ઉતરી ગયા

ગાંધીનગર, તા. ૬

બોર્ડની પરીક્ષાઓ શરૂ થવાને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા માટે મિત્રો અને સગા સંબંધીઓ ઉમટી પડયા છે. પેન અને ફુલોના ગુલદસ્તાનું છેલ્લા ત્રણ ચાર દિવસથી વેચાણ વધી ગયું છે. બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવાની જાણે આ નવી ફેશન શરૂ થઈ છે. વાલીઓએ તો પોતાના બાળકની પરીક્ષા માટે લાંબી રજા પણ મુકી દીધી છે.

ધો-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ આવતીકાલથી શરૂ થઈ રહી છે. જે બાળક બોર્ડની પરીક્ષા આપી રહ્યો હોય તેને શુભેચ્છા આપવા માટે પાડોશીઓ, મિત્રો અને સગા સંબંધીઓએ જાણે કતાર લગાવી હતી. નવા વર્ષે જેમ મિત્રો અને સગા સંબંધીઓ મળવા આવે તેમ પરીક્ષાના એક દિવસ અગાઉ વિદ્યાર્થીને શુભેચ્છા આપતા સૌ કોઈ નજરે પડયા હતા. બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીને શુભેચ્છા આપવાની જાણે એક નવી ફેશન શરૂ થઈ છે. સગા સંબંધીઓમાં કે મિત્ર વર્તુળમાં કયુ બાળક બોર્ડની પરીક્ષામાં બેસી રહ્યું છે તેની માહિતી મેળવી ખાસ તેને શુભેચ્છા આપવા જવાનો કાર્યક્રમ ઘડવામાં આવે છે. છેલ્લા એક અઠવાડિયાથી આ કારણે જ ફુલોના ગુલદસ્તા અને પેનોનું વેચાણ વધી ગયું છે. બાળકનો અભ્યાસ બગડશે એમ માની કેટલાક તો હવે ફોન કે એસએમએસ દ્વારા પણ શુભેચ્છા પાઠવે છે. કેટલીક શાળાના શિક્ષકો અને સ્ટાફ પણ પોતાની શાળાના ધો-૧૦-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા પહોંચી ગયા હતા. શુભેચ્છા પત્રો પણ કેટલીક શાળાઓએ મોકલ્યા છે.

શુભેચ્છા આપવાની નવી ફેશન સાથે જ પરીક્ષા આપી રહેલા પોતાના પાલ્ય માટે ઓફિસમાંથી ૧૦-૧૫ દિવસની લાંબી રજા લેવાનો ટ્રેન્ડ પણ શરૂ થયો છે. વિદ્યાર્થીઓ કરતાં તો તેમના વાલીઓ વધુ તણાવગ્રસ્ત જણાઈ રહ્યા છે. ખાસ કરીને ગાંધીનગરના સરકારી કર્મચારીઓ તો બોર્ડની પરીક્ષા ટાણે રજા લઈ પોતાના પુત્ર કે પુત્રીનો સતત પડછાયો બની રહ્યા છે. બધા જ સામાજિક કામો અને ઓફિસના કામોને પાછળ ધકેલી વાલીઓ માત્ર અને માત્ર પોતાના બાળક પર જ ધ્યાન આપી રહ્યા છે. પોતાનું બાળક પરીક્ષા આપે તે દરમિયાન શાળાની બહાર ત્રણ ચાર કલાક બેસી રહેવામાં પણ વાલીઓ કંટાળતા નથી. વાલીઓ પરીક્ષા દરમિયાન સતત બાળકનો પડછાયો બનવા ઈચ્છી રહ્યા છે.

કોલેજના વિદ્યાર્થીઓને સ્વચ્છતાના પાઠ શીખવાડતા મ્યુનિ. કમિશનરશ્રી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની વાણિજ્ય કોલેજમાં સ્વચ્છતાના પાઠ ભણાવતાં મ્યુનિ. કમિશનર શ્રી લલિત પાડલિયાએ યુવા જાગૃતિ પર ભાર મુકી અને યુવાનોને આરોગ્ય વિષયક જાગૃતિ વધુ રાખવી જોઈએ તેમ જણાવ્યું હતું.

ગાંધીનગર વાણિજ્ય કોલેજમાં સ્વાઈન ફ્લુ અને ડેન્ગ્યુ સામેની જન જાગૃતિ અભિયાનના ભાગરૂપે યોજાયેલ કાર્યક્રમમાં બોલતાં તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છતાને વાસ્તવિક બનાવવા માટે ટેવમાં પરિવર્તીત કરવી જરૂરી છે. સ્વચ્છતા જળવાય તો સ્વસ્થ જીવન જીવી શકાય. તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છ અને સ્વસ્થ જીવનનો મંત્ર યુવામંત્ર બને તે જરૂરી છે.

શ્રી પાડલિયાએ જણાવ્યું હતું કે વાયરલ રોગો સામે લડવા માટે આરોગ્ય વિષયક જાગૃતિનો અભાવ એ શરમજનક કહી શકાય. તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છતા ધરાવતા માણસની પ્રતિભા જ અનોખી હોય છે. પૂ. ગાંધી બાપુએ પણ સ્વચ્છતા વિશે જ ભાર મુક્યો હતો. તેઓ તેમના દિવસના નિત્યકમનો પ્રારંભ જ સફાઈ ઝુંબેશથી કરતા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈન ફ્લુ અને ડેન્ગ્યુ તાવની જન જાગૃતિ માટે ખાસ કાર્યક્રમનું આયોજન તા. ૫-૩-૨૦૧૩ને મંગળવારના રોજ સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર-૧૫ ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કમિશનરશ્રી, મહાનગરપાલિકા ગાંધીનગર, આચાર્યશ્રી, સરકારી વાણિજ્ય કોલેજ, મેડિકલ ઓફિસર ઓફ હેલ્થશ્રી, જિલ્લા મેલેરીયા અધિકારીશ્રી, તથા કોલેજના પ્રાધ્યાપકોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં કોલેજના ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને સ્વાઈન ફ્લુ તથા ડેન્ગ્યુ વિશે જાણકારી મેળવી હતી.

સ્વાઈન ફ્લુ કેવી રીતે થાય છે અને તેના લક્ષણો શું હોય છે તથા તેનાથી બચાવવાના સરળ ઉપાયો ક્યા કયા છે તેની જાણકારી ડૉ. દિનેશ બારોટ, મેડિકલ ઓફિસર ઓફ

● અનુસંધાન પાન-૭ પર

અલ્ટ્રાટેક સિમેન્ટ
ઓરિજિનલની પસંદગી
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી પેથી ટ્રેડર્સ
સેક્ટર-૬, બીજો માળ, અમના ટાવર, સેક્ટર-૬, ગાંધીનગર
101: 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com